સને ૨૦૧૩ - ૧૪ માટે ધોરણ-૧૧ ના સળંગ એકમ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૦-૨૬૦૨-ગ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ :૦૬-૦૫-૨૦૧૩

પ્રાપ્તિ સ્વીકાર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
14 MAY 2013
આ.નં.

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૨૫-૦૨-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧-૨૦૦૮-૫૮૩૭૪૮-ગ.
(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૫-૦૭-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૧૦-૨૬૦૨-ગ.
(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૨૧-૧૨-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક-બમશ-૧૧૧૦-૨૬૦૨-ગ.
(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૦૮-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક-બમશ-૧૧૧૦-૨૬૦૨-ગ.

ઠરાવ :-

રાજ્યમાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં સળંગ એકમમાં ધોરણ-૧૧ નો નવો એક વર્ગ શરૂ કરવા તથા ધોરણ-૧૨ ના ક્રમિક વર્ગ શરૂ કરવા વંચાણે લીધેલ ક્રમાંક ૧ થી ૪ માં જણાવેલ ઠરાવોથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

કેટલાક મોટા ગામોમાં શિક્ષણની વધુ જરૂરીયાત હોય ત્યાં એકજ ગામમાં એક કરતાં વધુ ઉચ્ચત્તર માધ્યમિક શાળાની જરૂરીયાત હોવાનું જણાય છે. આથી, આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારે પુખ્ત વિચારણા ને અંતે પ્રવર્તમાન માપદંડમાં નીચે મુજબની છૂટછાટ આપવાનું ઠરાવેલ છે.

(૧) જે ગ્રાન્ટેડ શાળાઓમાં માધ્યમિક વિભાગ ચાલે છે, તેમાં જો ધોરણ - ૧૦ ના બે વર્ગો ચાલતા હોય અને શાળાનું ધોરણ - ૧૦ નું છેલ્લા ત્રણ વર્ષનું પરિણામ ૬૦% થી વધુ હોય તેવા કિસ્સામાં નજીકની શાળાનું અંતર જોયા સિવાય સળંગ એકમ મુજબ ધોરણ-૧૧ નો વધારાનો વર્ગ આપવાનો રહેશે. જોકે વિભાગના તારીખ ૦૫-૦૭-૨૦૧૧ તથા તારીખ ૨૧-૧૨-૨૦૧૧ ના પરિપત્રો મુજબના ત્રિજ્યાલક્ષી અથવા વસ્તીલક્ષી માપદંડ સિવાયના બાકીના બધા માપદંડ જળવાતા હોવા જોઇએ.

(૨) તાલુકા મથકે એક પણ ગ્રાન્ટેડ અથવા સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ન હોય તેવા સ્થળને પસંદગી આપવાની રહેશે, અને પ્રવર્તમાન માપદંડો મુજબ તેવા સ્થળે ધોરણ-૧૦ નું ૫૦% પરિણામ હોય તો પણ ધોરણ-૧૧ નો નવો વર્ગ આપવાનો રહેશે.

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
રાજકોટ
આ. નં. ૧૧૪૪
તા. ૧૧/૫/૧૩

(૩) વિજ્ઞાન પ્રવાહની શાળા માટે પસંદગી આપવાની રહેશે.

(૪) જ્યાં ત્રિજ્યાલક્ષી અથવા વસ્તીલક્ષી ધોરણ મુજબ જ શાળા મંજુર કરવાની થતી હોય, ત્યાં પ્રવર્તમાન નોર્મ્સ મુજબ ૫૦% નું પરિણામનું ધોરણ ધ્યાને લેવાનું રહેશે.

(૫) વંચાણે લીધેલ વિભાગના તારીખ ૦૮-૦૮-૨૦૧૨ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ વસ્તીલક્ષી માપદંડમાં સુધારો કરી, શહેરી વિસ્તારમાં વોર્ડદીઠ ૨૦૦૦૦ બદલે ૧૫૦૦૦ ની વસ્તી ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.ફળપતિ)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી શિક્ષણ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર.
- ના.સે.અધિ.ની સિલેકટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

ક્રમાંક.ઉમબ/૩મા-૩/૨૦૧૩-૧૪/૧૬૬-ક૩
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા. ગાંધીનગર
તા. ૧૫/૫/૨૦૧૩

૨/ નકલ રવાના કરવા તેમજ રજિસ્ટર કાર્યવાહી સારૂ.

સંયુક્ત શિક્ષણ નિયામક,
૧૦૨ મણિ ચટક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
તમામ.

ક્રમાંક:ગાઈમાધ્ય/[illegible]
તા. ૧૨/૬/૧૩

શિક્ષણાધિકારી